| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૪–૦૭–૨૦૦૮ | | |
| નોંધ્યા તારીખ | | | |
| ફેંસલ તારીખ | ૧૪–૦૫– ૨૦૨૪ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | |

=====================================================

**મે.એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટની કોર્ટમાં, મેટ્રો. મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૨૫, અમદાવાદ**

=====================================================

**જુનો ફોજદારી કેસ નં. ૧૯૧૨/૯૫**
**ફોજદારી કેસ નં. ૪૧૮/૦૮**

**આંક :–**

**ફરીયાદી:–** શ્રી સરકાર

**વિરૂધ્ધ...**

**આરોપીઓ:–** જાવીદહુસેન સ/ઓ ગુલામહુસેન શેખ.
રહે. દરીયાપુર, અમદાવાદ

---

ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી.યાદવ
બચાવ પક્ષ તરફે વિ.વ.શ્રી ટી. એમ. શેખ

---

**આરોપ –** **આર્મસ એકટની કલમ–૨૫(૧)એ મુજબ.**

**: ચુકાદો :**

(૧) આ કામનું રેકર્ડ જોતા હાલનો બનનાવ સને –૧૯૯૫માં બનેલો જેના

પ્રથમ ફોજદારી કેસ નં. ૧૯૧૨/૯૫ આપવામા આવેલો. ત્યારબાદ વહીવટી હુકમના આધારે સદર કેસ કોર્ટ ટ્રાનસફર થતા સદર કેસને નવો ફોજદારી કેસ નં. ૪૧ ૮/૦૮ આપવામામ આવેલ છે.

આ કામે ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકતો એવી છે કે, આ કામના આરોપીએ વગર લાયસન્સે પોતાના કબજામાં દેશી બનાવટની રીવોલ્વર રાખી લઈ જતા તા.૨૮/૬/૯૫ ના કલાક ૧.૪૦ વાગે ધવલગીરી ફલેટની બાજુમાં રોડ પર પકડાઈ જઈ ગુનો કરતા આ કામના ફરીયાદીએ આર્મસ એકટની કલમ-૨૫ (૧) એ મુજબ ફરીયાદ કરેલ. જ ફરીયાદના અનુસંધાને તપાસ કરનાર અધિકારીશ્રીએ તપાસ કરતા હાલના આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા જણાઈ આવતા ફોજદારી કાર્યરીતી સહીતાની કલમ -૧૭૩ (૨) મુજબ આર્મસ એકટની કલમ-૨૫(૧)એ મુજબના શિક્ષાપાત્ર ગુના અંગેનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલું.

**(૨)** આ કામે ચાર્જશીટ રજુ કરતાં આરોપી જામીન મુકત હોઈ આરોપીને સમન્સ ઈશ્યુ કરતાં આરોપી તેમના વિ.વકીલશ્રી મારફતે કોર્ટ સમક્ષ હાજર થતાં તેઓને ક્રિ.પ્રો.કોડ, ૧૯૭૩ ની કલમ-૨૦૭ હેઠળ પોલીસ પેપર્સની નકલો પુરી પાડી, તે મળ્યા બદલની ખાતરી કર્યા બાદ આંક-૩ થી તહોમતનામુ ફરમાવી આરોપીની ગુના સબબ આંક- ૩એ થી આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ સદરહુ ગુનો કર્યાનો ઈન્કાર કરતાં ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી.

**<u>ફરીયાદપક્ષે મૌખિક તથા દસ્તાવજી પુરાવો</u>**

**<u>મૌખિક પુરાવો</u>**

| અ.નું.નં. | મૌખિક પુરાવો. | આંક |
|---|---|---|
| ૧. | પંચ સાહેદ ભરતભાઈ મહેન્દ્રભાઈની જુબાની. | ૦૪ |
| ૨. | એ.એસ.આઈ. ચાવડા પોપટજીની જુબાની | ૦૭ |

## <u>દસ્તાવેજી પુરાવો</u>

| અ.નું.નં. | દસ્તાવેજી પુરાવો. | આંક |
|---|---|---|
| ૧. | પંચનામું | ૦૫ |
| ૨. | સાહેદ હિમતસિંહ કચરાજીનું મરણ પ્રમાણપત્ર | ૦૬ |
| ૩. | સાહેદ ચંદુજી મગનજીનું મરણ પ્રમાણપત્ર. | ૦૭ |
| ૩. | ફરીયાદ | ૦૮ |

(૩) ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયા બાદ આ કામે આરોપીનું ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ-૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોધવામાં આવતા આ કામનાં આરોપીએ પુરાવો પોતાની હાજરીમા લેવામા આવેલ હોવાની હકીકતનો સ્વિકાર કરી અન્ય તમામ સવાલોના જવાબો નકારમાં આપેલ છે.વિશેષમા જણાવેલ છે કે, અમારી ઉપર ખાટો કેસ કરલો છે. આરોપીનું વિશેષ નીવેદન નોધ્યા બાદ આ સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપી તર્ફેના વિ.વકીલ શ્રીની મૌખિક દલીલો સાભળવામાં આવેલી છે.

(૪) ઉપરોકત હકિકતોને લક્ષમાં લેતા આ કેસના નિર્ણય સારું નીચે મુજબના મુદૃા ઉપસ્થિત થાય છે:-

**૧.** શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ વગર લાયસન્સે પોતાના કબજામાં દેશી બનાવટની રીવોલ્વર રાખી લઈ જતા તા. ૨૮/૬/૯૫ ના કલાક ૧.૪૦ વાગે ધવલગીરી ફલેટની બાજુમાં રોડ પર પકડાઈ જઈ ગુનો કરી, આર્મસ એકટની કલમ-૨૫ (૧) એ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે ?

**૨.** શું હુકમ ?

(૫) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબો નીચે મુજબ છે, જેના કારણો નીચે જણાવ્યા પ્રમાણે છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**<u>કા ર ણો</u>**

**<u>મુદ્દા નં.૧ :-</u>**

**<u>ફરીયાદપક્ષનો મૌખિક પુરાવો</u>**

(૬) આ કામે ફરીયાદપક્ષ તરફે પોતાના કેસના સમર્થનમાં રજુ કરેલ પુરાવાઓ વંચાણે લેતા, આંક-૪ થી પંચસાહેદ ભરતભાઈ મહેન્દ્રભાઈને તપાસવામાં આવેલા છે તેઓ જુબાનીની સરતપાસમાં મુખ્યત્વે એવો પુરાવો આપે છે કે, ૧૯૯૫ ની સાલમાં પોલીસે મને પો.સ્ટે. બોલાવેલ. પંચનામાંની કોઈ હકીકત હું જાણતો નથી. પંચ નં.ર તરીકે તેમની સહી ઓળખી બતાવે છે. વિ.એ.પી.પી.શ્રીએ સાહેદ ને ફરીગયેલા જાહેર કરવાની મૌખિક વિનંતી કરતા, સાહેદ ને ફરીગયેલા જાહેર કરતા, સદર સાહેદને ઉલટતપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછવા છતા રીકવરી પંચનામાની હકીકતોને સમર્થન મળે તેવી કોઈ જ હકીકત જણાવતા નથી. બચાવપક્ષે મુળ રીકવરી પંચ સાહેદની કરવામાં અવેલ ઉલટ તપાસ જોવામાં આવે તો, એ વાતનો સ્વિકાર કરવામાં આવેલ છે કે, ફકત પંચનામામાં સહી કરેલ તે સિવાય બીજુ કઈ જાણતો નથી.

(૭) આ કામે ફરીયાદપક્ષે તપાસ કરનાર અધિકારી ચાવડા પોપટજી શીવાજીને આંક-૭ થી તપાસવામાં આવેલા છે તેઓ જુબાનીની સરતપાસમાં મુખ્યત્વે એવો પુરાવો આપે છે કે, ગઈ તા. ૨૮/૬/૯૫ ના રોજ હું શાહપુર પો.સ્ટે.માં સર્વે.માં એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતો હતો તે સમયે પો.ઈ.શ્રી

એન.બી. ડોડીયા તથા બીજા સ્ટાફના માણસો શાહપુર સર્વે સ્કોડની ઓફીસે હતા તે સમયે કલાક ૦૦.૫૦ વાગે સર્વેલન્સ સ્કોડના પી.સી. આનંદકુમાર નાથુસિંહ અમોના પી.આઈ.ને બાતમી હકીકત આપેલ કે એક માણસ નામે જાવીદહુસેન ગુલામહુસેન શેખ, રહે. બલોચવાડ પાસે એક રીવોલ્વર છે અને તે ચાલતો ચાલતો પ્રવિણચોક ખાનપુરથી જુલાઈવાડા જવાનો છે જેણે લીલા કલરનો શર્ટ અને પેન્ટ તેમજ સફેદ જીણી ડીઝાઈનવાળુ શર્ટ પહેરેલ છે.  તે બાતમી હકીકતથી વાકેફ કરી પંચોના બે માણસોને બોલાવી બાતમી હકીકતથી વાકેફ કરી પંચમાં રહેવા સમજ કરેલ અને પો.ઈ.શ્રી ડોડીયા સાહેબ અમો તથા અન્ય સ્ટાફના માણસો ધવલગીરી ફ્લેટની બાજુમાં પ્રવિણચોક તરફથી બાતમી હકીકતવાળો ઈસમ આવતા પો.ઈ.શ્રીએ પંચોને ઈશારાથી બતાવી પંચોની રુબરુમા રોકી લઈ તેનુ નામ ઠામ પુછતા જાવેદ હુસેન ગુલામહુસેન શેખ,બલોચવાડના હોવાનું જણાવેલ.  સદર ઈસમની ઝડતી કરતા પેન્ટના આગળના ભાગે પેન્ટમાંથી એક દેશી બનાવટની રીવોલ્વર ચેમ્બરવાળી ૩૨ બોરની સદર ઈસમ પાસેથી મળી આવેલ . સદર ઈસમ પાસે હથીયાર રાખવા અંગેનું પાસ પરમીટ માંગતા તેણે નહી હોવાનું જણાવેલ. જેથી પંચનામાની વિગતે પો.ઈ.શ્રી ડોડીયા સાહેબની રુબરુમા આરોપી પાસેથી મળી આવેલ જે રીવોલ્વર પુંઠાના બોક્ષમં મુકી બંધ કરી પો.ઈ.શ્રી તથા પંચોએ સહી કરી મુદામાલ તપાસના કામે કબજે લીધેલ. સદર બનાવ સંદર્ભે પો.ઈ.શ્રી. ડોડીયાનાઓએ તેમની રુબરુમાં આરોપી વિરૂધ્ધ ૨૫(૧) એ મુજબ ફરીયાદ આપેલ. નામ. કોર્ટમાંથી આરોપીને  ફરીયાદ બતાવવામા આવે છે જેમાં પો.ઈ.શ્રી ડોડીયા સાહેબે તેમની રુબરુમાં આપેલ જે આંક–૮ થી રજુ છે. સદર ફરીયાદી ગુનો દાખલ થયા બાદ વધુ તપાસ અર્થે અમોને સોંપવામાં આવેલ આરોપીની અટક પોઈશ્રી ડોડીયા સાહેબે કરેલ અને હે.કો. ચંદુજી મગનજી, પો.કો. નાથુજી  તથા પો.કો. હીંમતથી તથા પો.કો.

રઘુભાઈ તથા જયેન્દ્રભાઈના નિવેદન લીધેલ અને પુરતા પુરાવા હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. સદર ગુનાના મુળ ફરીયાદી ડોડીયા સાહેબ મરણ ગયેલ છે તથા સાહેદોની શોધખોળ કરતા મળી આવેલ નથી. મને મુદામાલ બતાવવામા આવે તો હું ઓળખી શકું. મુદામાલ ઓળખની તકરાર નથી. સદર ગુનાના કામે ચાર્જશીટ કરતી વખતે અમોએ આર્મ્સ એકટની કલમ–૩૯ મુજબ પરવાનગી મેળવેલ નથી.

સદર સાહેદે પોતાની ઉલટ તપાસમાં એ વાતનો સ્વિકાર કરેલ છે કે મે મારી તપાસ દરમ્યાન મુદામાલ કેલેકટર કચેરી સમક્ષ રજુ કરેલ નહી કે ચાર્જશીટ કરતા અગાઉ કોઈ પરવાનગી મેળવેલ નહી. એ વાત ખરી છે કે, આ ગુનાનો મુદામાલ મે તપાસણી અર્થે એફ.એસ.એલ. મા મોકલાવેલ નહી.

**<u>પુરાવાનું મુલ્યાંકન</u>**

(૮) ફોજદારી ઈન્સાફી કાર્યવાહીના મૂળભુત સિધ્ધાંત મુજબ ફરીયાદ પક્ષે આરોપી વિરૂધ્ધનો ગુનો નિ:શંકપણે સાબિત કરવો જોઈએ તેવું નામદાર ઉચ્ચ અદાલતના વિવિધ ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ છે. ફરીયાદપક્ષ તરફથી રજુ કરેલ મૌખિક તથા લેખિત પુરાવાનું ઈન્સાફી અદાલતે યોગ્ય અને વ્યાજબી રીતે અવલોકન કરી પુરાવાનું મુલ્યાંકન કરવાનું હોય છે. ફરીયાદપક્ષના પુરાવા ધ્યાને લેતા, કોઈપણ શંકા ઉપસ્થિત થતી હોય તો તે અંગેનો લાભ આરોપીને મળવા પાત્ર છે. ઉપરોકત સિધ્ધાંતને ધ્યાને લેતા, ફરીયાદપક્ષ તરફે આરોપીઓ વિરૂધ્ધ **આર્મ્સ એકટની કલમ:૨૫(૧)એ** મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવેલું છે. આ કામે પુરાવાની ચર્ચા કરતા અગાઉ આર્મ્સ એકટની કલમ–૨૫ અને કલમ–૩૯ મહત્વની હોઈ તે ધ્યાને લેવી જરૂરી છે જે નીચે મુજબ છે.

**<u>Section 25 - Punishment for certain offences</u>**

**(1)** Whoever---

(a) acquires, has in his possession or carries any firearm or

ammunition in contravention of section 3; or

(b) acquires, has in his possession or carries in any place specified by notification under section 4 any arms of such class or description as has been specified in that notification; in contravention of that section; or

(c) manufactures, sells, transfers, converts, repairs, tests or proves, or exposes or offers for sale or transfer, or has in his possession for sale, transfer, conversion, repair, test or proof, any arms or ammunition in contravention of section 5; or

(d) shortens the barrel of a firearm or converts an imitation firearm into a firearm in contravention of section 6; or

(e) acquires, has in his possession or carries, or manufactures, sells, transfers, converts, repairs, tests or proves, or exposes or offers for sale or transfer, or has in his possession for sale, transfer, conversion, repair, test or proof, any prohibited arms or prohibited ammunition in contravention of section 7; or

(f) sells or transfers any firearm which does not bear the name of the maker, manufacturer's number or other identification mark stamped or otherwise shown thereon as required by sub-section (2) of section 8 or does any act in contravention of sub-section (1) of that section; or

(g) being a person to whom sub-clause (ii) or sub-clause (iii) of clause (a) of sub- section (1) of section 9 applies, acquires, has in his possession or carries any firearm or ammunition in contravention of that section; or

(h) sells or transfers, or converts, repairs, tests or proves any firearm or ammunition in contravention of clause (b) of sub-section (1) of section 9; or

(i) brings into, or takes out of, India, any arms or ammunition in

contravention of section 10; or

(j) brings into, or takes out of, India, arms or ammunition of any class or description in contravention of section 11; or

(k) transports any arms or ammunition in contravention of section 12; or

(l) fails to deposit arms or ammunition as required by sub-section (1) of section 21; or

(m) being a manufacturer of, or dealer in, arms or ammunition, fails, on being required to do so by rules made under section 44, to maintain a record or account or to make therein all such entries as are required by such rules or intentionally makes a false entry therein or prevents or obstructs the inspection of such record or account of

the making of copies of entries therefrom or prevents or obstructs the entry into any premises or other place where arms or ammunition are or is manufactured or kept or intentionally fails to exhibit or conceals such arms or ammunition or refuses to point

out where the same are or is manufactured or kept;

shall be punishable with imprisonment for a term which may extend to three years, or with fine, or with both.

**(2)** Whoever being a person to whom sub-clause (i) of clause (a) of sub-section (1) of section 9 applies, acquires, has in his possession or carries any firearm or ammunition in contravention of that section shall be punishable with imprisonment for a term which may extend to one year, or with fine, or with both.

**(3)** Whoever having sold or transferred any firearms or ammunition or other arms under the proviso to section 5 fails to inform the district magistrate having jurisdiction or the officer in charge of the nearest police station, of such sale or transfer shall be

punishable with imprisonment for a term which may extend to six months, or with fine of an amount which may extend to five hundred rupees, or with both.

**(4)** Whoever fails to deliver-up a licence when so required by the licensing authority under sub-section (1) of section 17 for the purpose of varying the conditions specified in the licence of fails to surrender a licence to the appropriate authority under sub-section(10) of that section on its suspension or revocation shall be punishable with imprisonment for a term which may extend to six months, or with fine of an amount which may extend to five hundred rupees, or with both.

**(5)** Whoever, when required under section 19 to give his name and address, refuses to give such name and address or gives a name or address which subsequently transpires to be false shall be punishable with imprisonment for a term which may extend to six months, or with fine of an amount which may extend to two hundred rupees, or with both.

**Section 39 - Previous sanction of the district magistrate necessary in certain cases**

No prosecution shall be instituted against any person in respect of any offence under section 3 without the previous sanction of the district magistrate.

(૮.૧) આ કામે સમગ્ર કેસનું રેકર્ડ અને ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ જોવામા આવે તો, આ કામે આંક–૪ થી રીકવરી પંચ સાહેદ ભરતભાઈ મહેન્દ્રભાઈ ને તપાસવામા આવેલા છે. વિશષમા આંક–૮ થી તપાસ કરનાર અધિકારી પોપટજી શીવાજી ચાવડાને તપાસવામા આવેલા છે. આ કામના ફરીયાદ આપનાર ફરીયાદી તથા પોલીસ સાહેદોને સમન્સ કરતા આંક–૬

તથા આંક–૭ થી મરણ પ્રમાણપત્રો રજુ થયેલા છે. આ કામે તપાસવામા આવેલા તપાસ કરનાર અધિકારી જે પોલીસ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપે છે. તેઓના પુરાવાની હકીકતે આ કામના આરોપી પાસેથી એટલેકે તેમના કબ્જામાંથી ગેરકાયદેસર પાસ પરવાના વગર હથિયાર મળી આવેલાનું જણાઈ આવે છે અને તે પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ છે તેવું તેમના પુરાવાથી ફલીત થાય છે. સદર તપાસ કરનાર અધિકારી નાં મૌખિક પુરાવાની હકીકતે સદરહું મુદ્દામાલ પંચોની હાજરીમાં પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ છે તેવું તેઓ જણાવે છે. પરંતુ આ કામે આંક–૫ થી રજુ થયેલ મુદ્દામાલ રીકવરી પંચનામાનાં પંચ સાહેદ નં.૨ ભરતભાઈ મહેન્દ્રભાઈ ને આંક–૪ થી સોંગદ પર તપાસતા પંચનામામાં તેમની સહી સિવાય પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી તેમજ પંચ સાહેદ નં.૧ પીનાકીન બાબુભાઈ ને સમન્સ કરતા તેઓ મળી આવેલ નથી. જેથી રીકવરી કે ડીસ્કવરી પુરવાર થતી નથી. આમ, જયારે રીકવરી પુરવાર થતી ન હોય અને માત્ર ને માત્ર પોલીસ કર્મચારી કે અધિકારી જયારે સમર્થનકારી પુરાવો આપતા હોય અને બનાવવાળી જગ્યાએથી પબ્લીકના તટસ્થ સાહેદો મળી શકે તેમ હોવા છતાં તેવા કોઈ સાહેદોના આ કામે નિવેદનો લેવામાં આવેલા નથી હાલના કેસમાં માત્ર ને માત્ર પોલીસ સાહેદોના જ જવાબો લેવામાં આવેલા છે અને બનાવવાળી જગ્યાની આજુબાજુનાં તટસ્થ સાહેદોના કોઈ નિવેદનો લેવામાં આવેલા નથી કે તેઓને આ કામે તપાસવામાં આવેલા નથી.

**(૮.૨)** આ કામે રીકવર કરવામા આવેલ મુદ્દામાલ આંક–૫ નાં પંચનામા મુજબ કબ્જે કરવામા આવેલ છે. જયારે આ કામના તપાસ કરનાર અધિકારી શ્રી ને આંક –૮ થી તપાસવામા આવેલ છે. સદર સાહેદ પોતાની સરતપાસમાજ કબુલ કરેલ છે કે, આ કામનો મુદામાલ એફ.એસ.એલ. કચેરીમાં પૃથ્થકરણ માટે મોલવામા

આવેલ નથી. વિશેષમા આરોપી પાસેથી મુદામાલ હથીયાર કબજે કર્યા બાદ તે એફ.એસ.એલ. કચેરી ખાતે મોકલવામાં આવેલ તે સમય દરમ્યાન સદર મુદામાલ કોના કબજામાં હતો? તે અંગેનો કોઈ પુરાવો ફરીયાદપક્ષે આ કામે રજુ રાખેલ નથી. આ સંજોગોમાં સાહબસિંઘ વિરુધ્ધ સ્ટેટ ઓફ પંજાબ ૧૯૯૫ ક્રિ.જ.લો. ૨૯૭૮ સુપ્રિમકોર્ટનાં ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા તેમાં નામ. સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે," મુદામાલ હથીયાર એફ. એસ. એલ. ને મોકલેલ ત્યાં સુધી તે કોના કબજા માં હતો? તેનો કોઈ પુરાવો ન હોય તો આરોપીને શંકાનો લાભ મળવાપાત્ર છે. " જયારે આ કામે ફરીયાદપક્ષનો પુરાવો જોવામા આવે તો, આ કામે તપાસ કરનાર અધિકારી શ્રીએ મુદામાલ હથીયાર એફ.એસ.એલ.મા મોકલાવેલ જ નથી વિશેષમા આ કામે હાલનું ચાર્જસીટ ફાઈલ કરવા કોઈ પરવાનગી પણ માગવામા આવેલ નથી. આ સંજોગોમા હાલના આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

(૮.૩) આ કામે આંક–૮ થી ત.ક.અ.શ્રી પોપટજી શીવાજી ચાવડા ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને તેઓએ આ કામે અદાલતમાં નાયબ પોલીસ કમિશ્નરશ્રીને ચાર્જસીટ કરવા માટેની પરવાનગી માંગવામાં આવેલ હોવા બાબતે પુછાતા પરવાનગી માગવામા આવેલ નહી હોવાની હકકત જણાવેલી છે. વિશેષમા આ કામે મંજુરી આપનાર નાયબ પોલીસ કમિશ્નરશ્રીનાંઓને મુદામાલ હથીયાર મોકલેલ કે કેમ ? તેનો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી.

ઉપરોકત એકંદર હકીકત ધ્યાને લેતા, હાલના કેસમાં આરોપી વિરૂધ્ધ જે આક્ષેપ છે તેમજ જે પુરાવા રજુ થયેલ છે. નામદાર સર્વોચ્ચ અદાલત દવારા ***Kailash Gaur V/s State of Aasam A.I.R. 2012 SC 786*** , પર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતો જોતા તેના પેરા–૨૮ માં એમ ઠરાવેલ છે કે :–

> 28. It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be

guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused 'may have committed the offence' and 'must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which can not be wished away. See Narendra Singh and Anr. V. State of M.P. (2004) 10 SCC 699: (AIR 2004 SC 3249) and Ranjitsingh Brahmajeetsingh Sharma v. State Of Mahrashtra and Ors. (2005) 5 SCC 294: (AIR 2005 SC 2277). To the same effect is the decision of this court in Ganesh v. Rama Raghuraman and Ors. (2011) 2 SCC 83 : (AIR 2011 SC (Cri) 419) where this court observed : " Every accused is presumed to be innocent unless his guilt is proved. The presumption of innocent is human right. Subject to the statutory exception, the said principle from the basis of criminal jurisprudence in India."

(૮.૪) ઉપરોકત પ્રસ્થાપિત સિધ્ધાંત તથા તારણ ધ્યાને લેતાં હાલના કેસમાં તપાસ કરનાર અમલદારે પોલીસ સાહેદ સિવાય બીજા કોઈ તટસ્થ સાહેદોનાં નિવેદનો નોંધેલ નથી. આ સંજોગોમાં પોલીસ સાહેદોના પુરાવાના આધારે આરોપી પાસેથી મુદ્દામાલ હથિયાર મળી આવેલ હોય તેવું શંકારહિત સાબિત થતું નથી. આ ઉપરાંત ધી આર્મ્સ એકટની કલમ-૩૯ મુજબની જે આદેશાત્મક જોગવાઈ છે તે અંગે પણ યોગ્ય રીતે પાલન થયેલ નથી. જે અંગે ૨૦૦૪(૨) ક્રાઈમ્સ ૬૦૯ મધ્યપ્રદેશ હાઈકોર્ટ તથા બાપુ વિરુધ્ધ સ્ટેટ ઓફ મધ્યપ્રદેશનાં ક્રિમીનલ અપીલ નં.૧૩૬૦/ ૨૦૦૦ નાં ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત માનસહ ધ્યાને લેવામાં આવે તો તેમા ઠરાવેલ છે કે, Arms Act,1954-Section 25(1)(a)-Recovery of Country pistol and cartridges from possession of accused Conviction-Appeal-No evidence that seized pistol was sealed on spot or where and how seized fire-arm was kept

after seizure-No evidence of pistol was produced at the time of obtaining sanction-In absence of such proof sanction could not be said to be a valid one- Conviction could not be sustained. (ii) Arms Act, 1954-Section 39-Prosecution for possession of fire-arm-sanction for prosecution-In absence of proof that fire-arm was produced at the time of obtaining sanction and District Magistrate had seen it before granting sanction. sanction could not be said to be valid sanction.

(૯) ઉપરોકત હકીકત તથા પુરાવાઓ વંચાણે લેતા, તેમજ ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખિક તથા લેખિત પુરાવાનું મુલ્યાંકન કરતાં એ હકીકત નિર્વિવાદીત છે કે, ફરીયાદ વાળો બનાવ જાહેર જગ્યા પર બનેલો અને માણસો તથા વાહનોની અવર જવર હતી. હાલના કેસના સંજોગો ધ્યાને લેતા, આ કામે તપાસ કરનાર અધિકારી ધ્વારા આરોપી પાસેથી રીકવર કરવામા આવેલ મુદામાલ એફ.એસ.એલ. મા માકેલવામા આવેલ નથી. જેનો લાભ આ કામનાં આરોપીને મળવા પાત્ર છે. વધુમાં ફરીયાદી તથા પોલીસ સાહેદને તપાસવામાં આવેલા છે પરંતુ તેઓના મૌખિક પુરાવાને કોઈ સ્વતંત્ર સાહેદના પુરાવાથી સમર્થન મળતું નથી. વધુમાં આંક-૫ થી રજુ થયેલ મુદામાલ રીકવરી પંચનામાનાં પંચ સાહેદનાં મૌખિક પુરાવાનાં અભાવે સદર પંચનામાની હકીકતનો રેકર્ડ પર આવી શકેલ નથી. જેથી રીકવરી કે ડીસ્કવરી પુરવાર થતી નથી. આર્મ્સ એકટની કલમ-૩૯ મુજબની જે આદેશાત્મક જોગવાઈ છે કે, ચાર્જસીટ કરતા પહેલા પરવાનગી મેળવવી તે આ કામે લેવામા આવેલ નથી. જેથી ફરીજીયાત જોગવાઈનું પાલન કરવામા આવેલ નથી. જેનો લાભ આરોપીને મળવાપાત્ર છે. જેથી ફરીયાદપક્ષ તેમનો આરોપી સામેનો કેસ શંકારહીત પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલા છે તેમ માનવાને કારણ રહે છે. આમ, ઉપરોકત રજૂ થયેલ તમામ પુરાવાઓ ધ્યાને લેતાં આ કામના આરોપીએ તહોમત મુજબનો ગુન્હો કરેલ હોવાનું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય તેનો લાભ આ

કામનાં આરોપીને મળવો જોઈએ તેવું મારુ નમ્રપણે માનવુ છે. જેથી આ કામનાં આરોપી સામે ઉપરોકત મુજબ આક્ષેપાયેલ ગુનો પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ ગયેલ હોય, મુદદા નં.૧ નો મારો નિર્ણય 'નકારમાં ' આપી મુદદા નં.ર પરત્વે ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**-:: <u>આખરી હુકમ</u> ::-**

- આ કામનાં **આરોપી જાવીદહુસેન ગુલામહુસેન શેખ** ને ફોજદારી કાર્યરીતી સહીતાની કલમ: ૨૪૮ (૧) અન્વયે **આર્મ્સ એકટની કલમ:૨૫(૧) એ** નાં ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
- અપીલ સમય બાદ આ કામે મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ હથીયાર જીલ્લા શસ્ત્રાગર, અમદાવાદ મુકામે જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે.
- ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ની કલમ-૪૩૭(એ) નાં હેતું માટે આરોપીએ અગાઉ આપેલ જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૪ મી, માહે મે, સને ૨૦૨૪ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ
તા.૧૪/૦૫/૨૦૨૪

(મનોજકુમાર રાધેશ્યામ લાલવાણી)
જીજે-૦૧૧૨૪
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં ૨૫
અમદાવાદ.